સાચો વિશ્વાસ.

મણિલાલ છોટાલાલ પારેખ. બી. એ.

સાચો વિશ્વાસ.

"વિશ્વાસથી પ્રત્યક્ષ દર્શન છે, તે
પ્રભુને અને અમરતાને જુએ છે."

બાબુ કેશવચંદ્ર સેનના
અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં અનુવાદ કરનાર
મણીલાલ છોટાલાલ પારેખ, બી. એ.

આ પુસ્તક મુંબઇ નં. ૯૩, ચીંચપોકલી પરેલ રોડપર
લેડી નોર્થકોટ હિંદુ ઓર્ફનેજ કે એન. સેલર પ્રેસમાં,
ઘોંડીબા નારાયણ વનારસે છાપ્યું છે અને
મુંબઈ તાબે સાન્ટાક્રુઝમા મણિલાલ છોટા-
લાલ પારેખે પ્રસિદ્ધ કર્યું છે.

અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

આ નાનકડું પુસ્તક બંગાલના મહા પ્રતાપી બાબુ કેશવચંદ્ર સેને પોતાની ભારતસેવા અને જગતસેવાની ઉંચી કારકીર્દિની શરૂઆતમાં લખેલું છે, અને તે સાધારણ શાહીથી નહિ પણ પોતાના હૃદયના લોહીથી લખેલું કહેવાય છે. જે જે એમાં લખ્યું છે તે માત્ર કલ્પનાથી કે તર્કથી લખેલું નથી, પણ પોતાના અનુભવ પરથી લખેલું છે, અને એ પ્રમાણે પહેલેથી છેલ્લે સુધી, તેના મહાન કાર્યની શરૂઆતથી તે અંત સુધી, પોતાનું જીવન ચલાવી “ સાચો વિશ્વાસ ” શું છે તે સિદ્ધ કરી આપેલ છે. આ વાતની સાક્ષી માત્ર તેમણેજ આપી છે એમ નથી પણ તેમના અનેક મિત્રો અને શિષ્યોએ, થોડે કે ઘણે અંશે, અનેક કષ્ટ અને દુઃખ વેઠી, લગભગ

ચાલીસથી પચાસ વર્ષ સુધી, આવા વિશ્વાસથીજ જીવન ગાળી પોતાની આ પૃથ્વિયાત્રા પુરી કરી છે. એ સહુ કથા કરતાં તો પ્રભુએ આ નવા યુગમાં ભારતમાં પોતાના ભારતસંતાન સાથે શી શી લીલા કરી છે તેનો મોટો ભાગ આવી જાય અને એક મોટું પુરાણુ થઈ જાય. અત્યારે આટલુંજ બસ છે કે આ પુસ્તકનો ભાવ આપણે આપણા જીવનમાં ઉતારીએ અને અનુભવીએ અને એમ જો બરાબર થશે તો આપણે નક્કી કદી નહિ જોયા હોય કે સાંભળ્યા હોય કે વિચાર્યા હોય એવા પ્રભુની લીલાના ચમત્કાર આપણે આ જીવનમાં અહિંજ પ્રત્યક્ષ કરશું. જો કોઇ પણ વસ્તુની અત્યારે ગુજરાતને કે ભારતને કે આખી દુનિયાને પુરેપુરી જરૂર હોય તો તે વિશ્વાસજ છે. એવા વિશ્વાસના અભાવેજ આપ-

ણામાં દુઃખ તેમજ પાપ રહ્યાં છે. વિશ્વાસરૂપી જ્યોતિ અંતરમાં પ્રગટાવીશું કે તુરતજ એ સહુ દૂર થશે અને આપણે આ પૃથ્વિમાં સ્વર્ગનો અનુભવ કરી શકીશું.

એવો વિશ્વાસ આપણામાં આવે અને એવો અનુભવ આપણે કરીએ એવું ઇચ્છવાની, એને માટે પ્રયત્ન કરવાની, અને પરમ કૃપાળુ પ્રભુને પ્રાર્થના કરવાની દરેક ગુજરાતી બંધુ અને ભગિનીને વિનંતિ છે અને એ સહુ આપણને પ્રાપ્ત થાય એવી પ્રભુને પ્રાર્થના છે.

અનુવાદ કરવામાં ઘણીજ અપૂર્ણતા છે, અને પુસ્તકનો ભાવાર્થ સમજવામાં કાંઇ પણ મુશ્કેલી હોય તો તેનો દોષ મનેજ છે.

મણિલાલ છોટાલાલ પારેખ.

સાચો વિશ્વાસ.

પ્રવર્ત્તના

અરે, તમે કે જે પ્રભુના સેવક હોવાનો દાવો કરોછો તે સર્વ તમારાં હૃદય વિશ્વાસમાં સ્થાપો, નહિ તો કસોટીના પ્રસંગમાં તમે હારી જશો.

કારણ કે જીવનના માર્ગમાં અનેક પ્રલોભનો આવી રહેલાં છે અને તેમાં તોફાન તથા જોખમો ઘણાં છે અને તેથી જે કોઇ વિશ્વાસ વગર તેમની સામે લડશે તે નક્કી પડશે.

તમારૂં ગર્વથી ધરેલ જ્ઞાન કે ભલાઇ કે ધાર્મિકતા કસોટીના વખને ટકશે નહિઃ એ સહુ તો પહેલેજ ધક્કે ચુરેચુરા થઇ જશે.

કારણકે તે સર્વનો પાયો વિશ્વાસજ છે અને જો વિશ્વાસ નહિ હોય તો નક્કી ઘર પડશેજ.

તેટલા માટે સાચા વિશ્વાસના ખડક પર તમારૂં જીવન બાંધો અને પછી ગર્જના કરતાં મોજાંઓ તેની સામે અથડાય તોપણ તે પડશે નહિ.

પ્રભુમાં વિશ્વાસ.

વિશ્વાસ પ્રત્યક્ષ દર્શન છે. તે પ્રભુને જુએ છે અને અમૃતત્વને જુએ છે.

તે નથી કોઇ શાસ્ત્રનો સિદ્ધાંત, કે નથી કોઇ પૂજનીય પુરાણી કથા.

આંખની સાક્ષી શિવાય બીજી કોઇ સાક્ષીમાં તેને ભરોસો નથી, તેમ તેને કોઇ પણ જાતનું મધ્યસ્થપણું માન્ય નથી.

પ્રકરણ ૧૧

તે દર્શનશાસ્ત્રમાંથી પ્રભુ વિષે કોઇ વિચાર કે ઇતિહાસમાંથી પ્રભુ વિષે કોઇ કથા લેવા જતો નથી.

તેમ તે તર્કે સાબીત કરેલ કે ઐતિહાસિક પ્રભુને નમન કરતો નથી.

પણ તે નિત્ય-જીવન્ત અને નિત્ય-વર્ત્તમાન સત્યનું આરાધન કરે છે.

સર્વોત્તમ "હું છું" એ નામે ઓળખાતા પ્રભુ એજ વિશ્વાસના પ્રભુ છે.

કાળમાં તેનો વાસ સર્વદા "વર્ત્તમાન ક્ષણુ"માજ છે અને દેશમાં તેનો વાસ સર્વદા "આ સ્થાને"જ છે.

આથી કરીને વિશ્વાસનું શાસ્ત્ર બહુ નાનું છે અને વળી તેને કોઇ દૂરના કાળમાં કે દેશમાં યાત્રાએ જવાનું નથી, કારણકે અંતર્યામી પરમાત્મા પ્રભુ સર્વથી નજદિક છે.

અને આ જીવન્ત પ્રભુનું, વિશ્વાસ, બહાર-રની સર્વ વસ્તુઓમાં, તેમજ અંદર હૃદયના ગૂઢ ભાગોમાં દર્શન કરે છે.

ચક્ષુઓ બંધ થતાની સાથેજ આંતર-રાજ્ય પ્રભુને પ્રકટ કરે છે.

આ આંતરરાજ્યમાં તે અનિર્વાચ્ય સૌન્દર્ય સહિત પ્રાણના પ્રાણ રૂપે પ્રકાશે છે: વળી આશ્રિત આત્મા તેના ગૂઢ ચેતનથી સજીવ થઇને તેનું પૂજન કરે છે અને તેની સાથે આનંદમય યોગમાં જોડાય છે.

ચક્ષુઓ ખુલતાંની સાથ બાહ્ય પ્રકૃતિની સર્વ વસ્તુઓ તે ઉજ્વળ જ્યોતિર્મય પરમેશ્વરને પ્રકટ કરે છે અને તેની સન્મુખતા દર્શાવે છે.

પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, સર્વ અવકાશ તેનાથી ભરેલું છે.

સમસ્ત વિશ્વ એ પ્રભુનું મહાન મંદિર છે અને તેમાં સજીવ અને નિર્જીવ પ્રકૃતિ ગંભીર તાનમાં તેનાં યશોગીત ગાય છે.

જીવાત્મા પણ સમભાવથી ઉત્તેજીત થઇને પ્રકૃતિના આ પૂજનમાં જોડાય છે અને આ યશો ગીતના સૂરમાં પોતાનો સૂર મેળવી ધૂન મચાવે છે.

આ પ્રમાણે વિશ્વાસ અંદર અને બાહેર, જ્વલંત અગ્નિમાં, પ્રભુની વર્ત્તમાનતાના અગ્નિમાં સર્વદા વાસ કરે છે.

એ વર્ત્તમાનતા નજરે જોવાની અને અનુભવવાની છે: બુદ્ધિદ્વારા સમજવાની કે યાદશક્તિદ્વારા યાદ રાખવાની નથી.

વળી આ વર્ત્તમાનતા પ્રાણ અને પ્રકૃતિ સાથે એવી તો ઓતપ્રોત (ગુંથાઇ રહી) છે કે તેને કોઇ પણ રીતે દૂર કરી શકાય તેમ નથી.

ખરેખર પ્રભુની વર્ત્તમાનતામાં વીજળી છે; તે હૃદય અને નાડીઓને સતેજ કરે છે; અને શરીરના રોમેરોમ ખડા કરે છે.

આ કારણથી સાચી ઉપાસના એ કોઇ મૃત્યુ પામેલા કે દૂરના દેવના માનમાં કરેલી શૂન્ય ક્રિયા નથી પણ જીવન્ત અને પાસે રહેતા પ્રભુને જીવાત્માનું જીવન્ત વંદન છે.

પણ પાસે એ પ્યારૂં એ પ્રકૃતિનો નિયમ છે અને પ્રભુ તો પાસે તેમજ પ્રેમમય છે.

તેથી વિશ્વાસ પ્રાણુથી પ્યારા પ્રભુ સાથે સાચા અને પ્રેમળ યોગમાં જોડાય છે.

તે પ્રભુની સાથે એક વિશેષ સંબંધ, પિતા અને પુત્ર વચ્ચેનો સંબંધ સ્થાપે છે.

અને તે વિશ્વકર્ત્તા પરમેશ્વરને વાસ્તે પોતાના હૃદયમાં એક ગૃહમંદિર બાંધે છે અને "મ્હારા પ્રભુ મ્હારા પિતા" એવા નામથી પ્રભુને બોલાવે છે.

તેની પ્રાર્થનાઓમાં આવતો "તું" જેટલે અંશે આધ્યાત્મિક આંખથી દેખાતું પરમ સત્ય છે તેટલેજ અંશે વ્યકિતગત પ્રેમથી બંધાયેલ પૌરૂષિક પ્રભુ છે.

આ દર્શનની સુસ્પષ્ટતા હૃદયની ઉષ્માના પ્રમાણુમાં છે, કારણુકે વિશ્વાસમાં જ્ઞાન અને પ્રેમ, ધર્મમત અને ભરોસો એકજ છે.

અમરતામાં વિશ્વાસ.

વિશ્વાસનો વાસ આશામાં છે.

ભવિષ્ય એ તેનું રહેવાનું ઘર છે.

તે આ લોક અને કાળની ક્ષણિક જુઠી વસ્તુઓ પર નહિ પણ પરલોક અને નિત્ય-કાળની સત્ય વસ્તુઓ પર જીવનના પાયા નાખે છે.

ખરેખર આ લોક તો એક રમકડાંની દુકાન છે અને કાળ તો વહેતો વ્હોંકળો છે અને ખરૂં જ્ઞાન એ બન્નેથી દૂર રહે છે.

મૂઢ માણસ રમકડામાં આનંદ માને છે અને જુઠી વસ્તુઓમાં મગ્ન થઇ રહે છે પણ વિશ્વાસ તેથી છેતરાતો નથી; તે સત્ય અને સાર વસ્તુઓ શોધે છે.

તે સારી રીતે જાણે છે કે અહિંની સર્વ વસ્તુઓ જુઠી અને સાર વિનાની છે અને

તેથી તે ક્ષણિક વસ્તુઓના બદલામાં પોતાની ઇચ્છાઓ, આશાઓ કે હેત ફેંકી દેતો નથી.

તે આ લોકની સર્વ માયિક નાશવંત વસ્તુઓ અને આ લોકનાં સુખ અને દુઃખથી અતીત છે.

પાર્થિવ દુઃખો તેને હેરાન કરી શકતા નથી તેમજ પાર્થિવ માયા તેને મોહ પમાડી શકતી નથી કારણકે તે સર્વ પ્રત્યે તે મૃત છે.

વિશ્વાસ એ એક નવું સૃજન છે.

તે વાસનામય કોષનું મરણ છે અને આત્માનો પુનર્જન્મ છે.

આથી કરીને તે આ લોકનાં સર્વ પ્રલો-ભનો અને ભય પ્રત્યે મરેલો છે અને પ્રભુ અને નિત્યકાળ પ્રત્યે તે જીવતો છે.

તે સર્વદા નિત્યકાળની સત્ય વસ્તુઓથી ઘેરાયેલો રહે છે, તેની અચળ ભૂમિ પર અડગ રહી વિચરે છે, તેના પુષ્કળ પાકથી

પુષ્ટિ પામે છે અને પોતાનું અનંત જીવન અનંત પરમાત્મા પ્રભુના ખોળામાં ઢાળે છે.

તે અમરલોકમાં અને તેનેજ વિશે રહે છે અને માત્ર નિત્ય જીવનનીજ સંભાળ લે છે.

અને જેટલે અંશે આ નાની દુનિયા તેને માટે સાધક છે તેટલેજ અંશે વિશ્વાસ તેના સંબંધી ગંભીર વિચાર કરે છે.

આવી રીતે જ્યાં બીજાઓ રમત માંડી બેઠા છે અને ઘેલા થઇ ભાન ભૂલી નાચે કુદે છે ત્યાં વિશ્વાસ નિત્ય જીવન માટે તૈયારી કરે છે અને ભંડાર ભરે છે.

તેનું મન તો પરલોકના વિશાળ રાજ્ય માંજ વિરમે છે, કારણકે ત્યાંજ તેનું ખરૂં ઘર અને તેના પિતા છે એવું તે બરાબર સમજે છે અને એવું સમજી સુખી થાય છ.

તેને માટે પરલોક એક ખાલી ખ્યાલ નથી પણ સાચી અને વ્હાલી વસ્તુઓથી ભરેલું પોતાનું એક ઘર છે.

અને તે તેના આવા મધુર અને સુખમય હમેશના ઘરના સંબંધમાં સંસારી ગૃહસ્થની માફક રસ લે છે.

તે ઘરને કેમ સુખી બનાવવું તેજ તેનો મુખ્ય હેતુ અને તેનું લક્ષ્ય છે.

અને તે ઘરમાં પ્રભુની અનંત દયાની રક્ષામાં, પાપથી મુક્ત, દુઃખ માત્રથી દૂર અને મૃત્યુથી નિર્ભય થઇને ચિરકાળ રહેવું એ તેની એકજ આશા અને પ્રાર્થના છે.

નીતિના નિયમમાં વિશ્વાસ.

જ્યારે હૃદય પ્રભુમાં અને અમૃતત્વમાં સ્થિત થાય છે અને તે બન્ને સાથે પોતાનો સંબંધ બરાબર જાણે છે ત્યારે તે પ્રભુને અર્પણ થાય છે અને અમૃતત્વ પ્રાપ્ત કરવાની તૈયારી કરે છે.

એટલે વિશ્વાસ સદા સત્ય પાળવાનો પ્રયત્ન કરે છે કારણકે સત્ય પાળવું એજ પરમેશ્વરની સાચી સેવા છે અને અમર જીવનની તૈયારી છે.

અને સત્યનો નિયમ પરમ રાજરાજેશ્વરની ઇચ્છાના જેવોજ પૂર્ણ અને અપરિવર્ત્તનીય હોવાથી વિશ્વાસ તેને અખંડ રાખી પૂર્ણપણે પાળે છે.

તે જે કંઇ વિચારે છે, બોલે છે અને કરે છે તે સર્વમાં સત્યને, પૂર્ણ સત્યને અને સત્યનેજ માત્ર વળગી રહેવા બંધાયેલ છે.

અને વચનથી બંધાયેલ મનુષ્યની માફક તે અચળ વફાદારીથી સર્વ બાબતમાં સત્યનેજ અનુસરે છે અને અસત્યને ત્યજે છે.

તે સાચા જુઠાના મિશ્રણને તિરસ્કારે છે અને ખંડિત ધર્મ કે જે પરમેશ્વર અને પૈસા એ બન્નેનું પૂજન કરે છે તેને ધિક્કારે છે.

તે પ્રભુને પોતાના માત્ર એકજ સ્વામી ગણી તેની એકનીજ સેવા કરે છે.

તે નાની કે મોટી કોઇ પણ જાતની બુરાઇને કદિ પણ વ્યાજબી ગણતો નથી.

તેની નજરે જરીક જેટલી ભુંડાઇ પણ ધિક્કારને પાત્ર અને ભ્રષ્ટતાથી ભરેલી છે.

તે પવિત્રતા અને પુન્યને ચાહે છે અને દરેક જાતના પાપને ધિક્કારે છે.

તે પ્રભુના નીતિના નિયમનું ઉચ્ચ ધોરણ બધી બાબતમાં પુરૂં પાળે છે અને ઘણી સંભાળથી પવિત્રતા અને પુન્યના ભંડાર ભરે છે.

શક્તિ.

વિશ્વાસ દુર્બળતા, દારિદ્રય, અને દુઃખ પર જય મેળવે છે કારણ કે તે પ્રભુમાં અખુટ શકિત, પુષ્ટિ અને સુખ પામે છે.

તે આત્માનો દેહ ઉપર અને સત્યનો સંસાર ઉપર જય છે.

વિશ્વાસ દુર્બળતાના વિચારને દુષ્ટતા, અને દુર્બળતાની ભાષાને ભ્રષ્ટતાથી ભરેલી સમજે છે.

"મારાથી નહિ થાય" એ તિરસ્કારને પાત્ર વાક્ય વિશ્વાસ કદિ પણ બોલતો નથી.

કારણકે ઇચ્છા અને કર્મ વચ્ચેનો માર્ગ તેની આગળ તો સીધોજ છે.

તે જે ઇચ્છે છે તે કરે છે અને તેના કાર્યની સિદ્ધિ માટે તેને કદિપણ શંકા રહેતી નથી.

વિશ્વાસ મહાબળી ભીમ જેવો છે; તેના સ્નાયુઓ પોલાદના અને તેની આંખો શૌર્યના અગ્નિથી ઉજ્જ્વળ છે

તે કોઇ પણ મનુષ્યથી ડરતો નથી અને મોટા મોટાની ધમકીઓ અને ડરામણીઓને તુચ્છકારે છે.

રાજાઓ તેની આગળ ધ્રુજે છે અને મુકુટધારી મનુષ્યો પાસે તે નમન કરાવે છે.

તે રણમાં કોટી કોટી મનુષ્યોને હરાવે છે અને તોપના મારામાં પ્રભુની જયપતાકા ખડી કરે છે

તે અદ્ભૂત કાર્યો કરે છે અને અસાધ્ય વસ્તુઓ સાધે છે; અને દુનિયા આશ્ચર્ય પામીને પૂછે છે કે " આવા ચમત્કાર કરનાર આ કઇ જાતનો માણસ છે ? "

કારણકે વિશ્વાસ સર્વ શક્તિમાન્ પ્રભુની શક્તિથીજ સબળ છે અને તેથી તેની શક્તિ અજીત છે.

આધિનતા.

વિશ્વાસ એ દૈનિક આહાર પામવાની ખાત્રી તેમજ તે ખાત્રીની સફળતા પણ છે.

પ્રકૃતિ તેનો ભંડાર અને દુનિયા તેનો કોઠાર છે.

સંતોષના પ્રદેશમાં તેનો વાસ છે અને તેને કોઇ પણ વસ્તુની ખોટ નથી.

જ્યારે બીજા લોકો પેટ ભરવા માટે હાયવોય કરે છે ત્યારે વિશ્વાસ તંગ હાલતની હાંસી કરે છે અને દૃઢ મનથી જીવનનો લ્હાવો લે છે.

કાલ શું થશે તેનો તે વિચાર કરતો નથી અને ભવિષ્યને માટે બંદોબસ્ત કરવો એ નાસ્તિકતા સમજે છે.

કારણકે વિશ્વાસ આધિનતામાંજ રહે છે અને ઇશ્વર તેની રક્ષા કરશે એવો તેને સંપૂર્ણ ભરોસો છે.

જે પ્રભુ હવાઇ પક્ષીઓ, રાની પશુઓ, દરીઆઇ માછલીઓ અને મહેનત વગર મોટાં થતાં ઝાડોને પાળે પોષે છે, તે પ્રભુની પ્રેમળ રક્ષા તળે તે નિર્ભય થઇ રહે છે.

તેમની માફકજ નિર્ભય અને બેફિકરો થઇ, વિશ્વાસ, અન્ન કે વસ્ત્રની ચિંતા કરતો નથી.

અને જેવી રીતે તેઓ પોતાની પાસે કંઇ ન હોવા છતાં આનંદ અને મોજમાં રહે છે તેવી રીતે વિશ્વાસ પણ પોતે પાઇ વગરનો તથા ચીથરેહાલ છે તે છતાં આનંદમાં મગ્ન રહે છે.

આનંદ.

વિશ્વાસ પૂર્ણાનંદમય પરમેશ્વરમાં મગ્ન રહે છે અને તેને તેની સેવામાં અપાર આનંદ મળે છે

તે સર્વદા શાંત છે અને ચંચળ વસ્તુઓની વધઘટથી અસ્વસ્થ થતો નથી

તે શાંતિનો ગંભીર પૂર્ણ સાગર છે અને તેને કદિ પણ ઓટ થતો નથી.

મધ્ય રાત્રીનો ઘન અંધકાર તેને ઘેરે તોપણ તે અંદર મધ્યાનકાળનો પ્રકાશ અનુભવી સુખી રહે છે.

અને સહનશિલતા અને આધિનતાથી તે શોકરૂપી તલવારની ધારને બુઠ્ઠી કરે છે.

અને આશા અને ધીરજથી તે કાંટાની પથારીને ફૂલની સેજ જેવી કરી નાખે છે.

સર્વ દારિદ્રય તેનાથી દુર રહે છે; કારણ-કે પરમેશ્વરની કૃપાના ભંડાર તેનું ધન છે.

મરણકાળે પણ તે તેજસ્વી અને આનંદી દેખાય છે અને તેને ઘેરતાં વાદળાંઓ તો ઉલ-ટાંનાં તેના સૌંદર્ય અને મહિમાને વધારે છે.

આત્મભોગ.

વિશ્વાસ એ આત્માનું પ્રભુને શરણ છે. તે શું ખાવું કે પીવું તેનો વિચાર કરતો નથી, પણ કેવી રીતે પ્રભુની સેવા કરવી અને તેનો મહિમા વધારવો તેનોજ માત્ર વિચાર કરે છે.

તે આત્માનું અને સંસારનું પ્રભુની વેદિ ઉપર બલિદાન આપે છે અને પછી પૂર્ણ અંતઃકરણથી કહે છે કે " હું તારો છું. "

તે તેનું સર્વસ્વ ત્યજી પ્રભુની સેવા સ્વિકારે છે અને પોતાને માટે કાંઇ બાકી રાખતો નથી.

તે પોતાનું બધું જીવન, હૃદય, મન, શરીર અને આત્મા પ્રભુને અર્પે છે અને કહે છે કે " મારી ઇચ્છા નહિ પણ તમારી ઇચ્છા પુરી થાઓ."

તે સુખ દુઃખનો વિચાર કરતો નથી; પોતાનું કર્તવ્ય એકજ માત્ર એના ચિંતનનો વિષય છે અને પ્રભુની ઇચ્છા એ માત્ર એકજ તેના લક્ષ્યનો વિષય છે એમ તે સમજે છે.

પણ વિશ્વાસની પરિપૂર્ણતા પ્રેમમાં છે કારણ કે જે ઐક્યનો વિશ્વાસ આરંભ કરે છે તેને પ્રેમ પરિપૂર્ણ કરે છે

અને એમ થતાં કર્ત્તવ્ય અને ઇચ્છા એક થાય છે અને આત્મા કહે છે કે " હું અને મારા પિતા એક છીએ."

દીનતા.

વિશ્વાસને પોતાની નજરમાં પોતાનો કાંઇ ગુણ દેખાતો નથી: તે પોતાના પુરૂષાર્થ કરતાં દાસ્યભાવની પુરૂષાર્થહિનતામાં વધારે રહે છે.

પ્રભુની ધર્માજ્ઞા થયેજ તે કાર્ય કરે છે અને તેથી તેની પુરૂષાર્થબુદ્ધિ ઘટી જાય છે.

તે અહુંકારમાં નહિ પણ આધિનતામાં, સ્વાશ્રયમાં નહિ પણ પ્રાર્થનામાં અને પોતાની કીર્ત્તિમાં નહિ પણ પ્રભુની કીર્ત્તિમાં આનંદ માને છે.

વિશ્વાસ સત્કર્મમાં માત્ર ઇશ્વરના હાથમાં હથિયાર છે અને "હું કરૂં છું" એવું ધારવાની કદિ હિમ્મત કરતો નથી.

કેવળ પાપ અને દોષજ તેનાં પોતાનાં છે.

તેના દૈવિગુણથી ઇશ્વર મહિમાકિત થાય છે અને તેના અપરાધથી તે પોતેજ કલંકિત થાય છે.

તેથી તેના સત્કર્મોની સર્વ કીર્ત્તિ અને સ્તુતિ તે હમેશાં પ્રભુને આપે છે.

પણ દુઃખ અને તિરસ્કાર, કલેશ અને મૃત્યુ એ સર્વને તે ખુશીથી પોતાનાં ગણે છે.

તે જે કાંઇ સત્કર્મ કરે છે તેને માટે ગર્વ કરતો નથી પણ જે કાંઇ કરવાનું રહી જાય છે તેને માટે દિલગીર થાય છે.

તે માત્ર પોતાનાં ન કરેલાં સત્કર્મો, પોતાનાં અપરાધ,દુષ્કર્મ અને આળસનોજ હિસાબ રાખેછે.

તે અનેક દેશ અને યુગના લોકોનું કલ્યાણ કરે અને તેમનો ઉદ્ધાર કરે તોપણ તે સારી રીતે જાણે છે કે તે પ્રકાશ તેનો પોતાનો નથી પણ પુણ્યના સૂર્યરૂપી પરમેશ્વરનો છે.

પ્રભુપર એની આધિનતા એવી તો ગૂઢ છે કે દીનતા એ એનું ખાસ લક્ષણ તેમજ આભુષણ છે.

દીનતાથી વિશ્વાસ ઓળખાય છે અને તેમાં તેનું સૌંદર્ય છે.

જ્ઞાન.

વિશ્વાસ એજ ખરૂં જ્ઞાન છે અને તે અતિ ઉચ્ચ અને દૈવી છે.

તે દુનિયાદારી ડહાપણ કે જે નીચ છે તેને ધિક્કારે છે.

એ ડહાપણ મૂર્ખ લોકોનું ગણિતશાસ્ત્ર છે.

તે પરિણામને તોળે છે, લાભ અલાભને ગણે છે અને ઉપયોગિતાને માપે છે પણ તેને સત્યની દરકાર નથી.

જેમ પવન સુકા પાનને આમતેમ ઉડાડે છે તેવીજ રીતે ભય અને શરમ દુનિયાના ડાહ્યા માણસોને આમથી તેમ અફાળે છે.

તેઓને પોતાનું જ્ઞાન કાંઈ પણ હોતું નથી પણ તેઓ માત્ર બીજાઓનો મત લઈનેજ ચાલે છે અને જે મત વધારે પ્રચલિત હોય તેજ તેઓ લે છે.

તેઓ પોતે પોતાના નથી પણ બીજાઓના છે.

અને પોતાને જવા માટે કંઇ પણ સ્થિર માર્ગ નહિ હોવાથી તેઓ જે બાજુ પવન વાય છે તે બાજુ ફરે છે અને ગાડરીયા પ્રવાહની માફક જે બાજુ બધા વળે છે તે બાજુ વળે છે.

તેમના કરતાં એક જંગલી ગામડીઓ પણ વધારે સમજુ છે અને એક બાળક પણ તેઓના દુનિયાદારી ડહાપણના પાયા ઉંધા વાળવાને સમર્થ છે.

આ જાતના લોકો કેવા મૂઢ છે! તેઓ પોતાના મનમાં પોતાને જ્ઞાની સમજે છે પણ ખરેખર તો તેઓ રૂઢી અને પ્રતિષ્ઠાના ગુલામજ છે.

પણ વિશ્વાસ કદિ પ્રતિષ્ઠા મેળવવા પ્રયાસ કરતો નથી તેમ રૂઢીને પોતાનું આત્મગૌરવ વેચતો નથી.

તે દૃઢ અને અડગ છે અને અચલિત તત્ત્વોપર તેનો પાયો નાંખવામાં આવ્યો છે.

તેનું જ્ઞાન એજ સાચું જ્ઞાન છે અને અગ્નિ બરફના જેવો ઠંડો થાય અને સૂર્યમાંથી અંધકાર નીકળે તોપણ તે જ્ઞાન એનું એ રહે છે.

વિશ્વાસમાં નવીનતા, સ્વાતંત્ર્ય અને સ્વાશ્રય છે અને તેથી તે દુનિયા પાસેથી ડહાપણ લેવાનું પસંદ કરતો નથી.

તે તો માત્ર વિવેકબુદ્ધિનાં વચન કે જે પ્રભુનાં વચન છે તેને અનુસરીને ચાલે છે.

ઉન્નતિ.

વિશ્વાસ એ સ્વર્ગ પ્રત્યે સતત ઉન્નતિ છે.

તે લોકરિવાજની સામાન્ય કેડીનો તિરસ્કાર કરે છે અને બીજા કીડાની માફક ચાલે છે ત્યારે તે ગગનમાં ઉડે છે.

તે દુનિયાના અંકુશને ધિક્કારે છે અને દુનિયાની મર્યાદા કે "આટલે સુધીજ તારે જવું" તેને તુચ્છ ગણે છે.

પ્રભુજ એનું લક્ષ્ય છે અને તે મર્યાદાનો નિયમ માનવાની ના પાડે છે.

ઉન્નતિ એજ તેનું જીવન છે અને અટકવું એ મૃત્યુ પામવા બરાબર છે.

ઉંચામાં ઉંચા પ્રકારના સદ્દગુણ કે જેમાં આખી પૃથ્વિનો ધર્મ સમાઇ જતો હોય તેનાથી પણ તેને સંતોષ થતો નથી.

ઉંચામાં ઉંચા સ્થાનથી તે વધારે ઉંચે જવા માગે છે અને ગંભીરમાં ગંભીર અવસ્થાથી તે વધારે ગંભીર અવસ્થા શોધે છે.

વિચિત્રતા.

વિશ્વાસ વિચિત્ર છે અને તે સમજી ન શકાય એવા પોતાનાજ રસ્તે ચાલે છે.

પૃથ્વિની ભૂગોળથી તેનું સ્થાન જાણી શકાતું નથી તેમ ઇતિહાસથી તેનું સાચું જીવન વર્ણવી શકાતું નથી.

તેમ ગણિતથી તેની ઉમર માપી શકાતી નથી અને દર્શનશાસ્ત્ર તેના હેતુ અને ઇચ્છા જાણવાનો મિથ્યા પ્રયત્ન કરીને શરમાઇ જઇ મોં નીચું ઘાલે છે.

ખરેખર તેનાં કાર્યો પૃથ્વિને સમજાય તેવાં નથી અને તેનું જીવન અતિ ગહન અને ગૂઢ છે.

આથી કરીનેજ તેને મૂર્ખતા અને ઘેલાપણાનો દોષ લગાડવામાં આવે છે.

પૃથ્વિની આંખમાં તેનો ઉત્સાહ એ ખરેખર ઘેલાપણું છે અને તે જે કંઇ કરે છે તે સર્વ મૂર્ખતા છે.

વિશ્વાસ મૂર્ખ છે તે એટલા માટે કે પૃથ્વિ જેને ભાવથી પૂજી રહી છે તેવી મૂર્તિઓની તે હાંસી કરે છે અને સોના કે પથ્થરને સમાન ગણે છે.

અને વિશ્વાસ ઘેલો ગણાય છે તે એટલા માટે કે તે દુનિયાના માર્ગ છોડે છે અને અતિ ઉત્સાહથી પોતાના ખાસ હેતુઓ પાર પાડે છે અને ઘણું ઉધુંચતું કરે છે.

તે લોકરિવાજને અનુસરીને બોલતો કે ચાલતો નથી પણ જેવું તેને મનમાં યોગ્ય લાગે છે તેવુંજ બોલે છે અને આચરે છે

તે નિંદામાં માન અને દુઃખમાં સુખ પામે છે અને અતિ સંકટની વચ્ચે આનંદમાં આવી નાચે છે.

બીજા રૂએ છે ત્યારે તે હસે છે અને બીજાઓ હરખાય છે ત્યારે તે શોક પાળે છે.

વિશ્વાસમાં એવી અનેક વિચિત્રતાઓ છે કે જેને જોઇને દુનિયા હસેજ.

પણ આ વિચિત્રતા પાયા વગરની નથી પણ તે પાયો એટલો ઉચો છે કે દુનિયા તે જોઇ કે જાણી શકતી નથી.

વિશ્વાસની દુનિયા ઉંચી અને જુદીજ છે અને ત્યાં પૃથ્વિની ગણત્રી કે પૃથ્વિના ભાવ પહોંચતા નથી

અને તેને તો માત્ર તેઓજ જાણી શકે છે કે જે ગમે તે કાળ કે દેશના હોવા છતાં તેની સાથે રહેતા હોય અને તેના જેવાજ હોય.

શુળીએ મૃત્યુ.

વિશ્વાસ દુનિયાથી જેટલો દૂર જાય તેટલો ઉંચો સમજવો

તે આગળ જતો જાય છે તેમ તેમ તેના સંગાતીઓ ઓછા થતા જાય છે, તેના મિત્રો તેનાથી પાછા હઠતા જાય છે અને દુનિયા અતિ વિરૂદ્ધ થતી જાય છે.

દુનિયા એને સતાવીને દુઃખ દેવાનીજ. અને તે દુઃખ પહેલાં થોડું અને અંતે અતિ ઘણું પ્રાણ લેવા સુધી પણ હોય છે.

અને તે દુઃખ તેનો દુનિયાને તેના કરતાં આગળ વધવા માટેનો દંડ છે.

કોઇ તેની હાંસી કરેછે, કોઇ તેને ધિક્કારે છે, કોઈ તેની બદબોઇ કરેછે અને કોઇ તેના પર કલંક મુકે છે.

દુનિયા તેને સાંખી શકતી નથી અને તેથી આખરે તે આ વિશ્વાસરૂપી જ્વલંત અગ્નિને મેલી વસ્તુઓ અને મૃત્યુથી બુઝાવી દે છે.

વિશ્વાસ પોતાના જીવનનો મહાયજ્ઞ આરંભે છે ત્યારે દુનિયા તેની હાંસી કરી પોતાની નારાજી પ્રત્યક્ષ કરે છે.

વિશ્વાસ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ દુષ્ટ દુનિયા ક્રોધાયમાન અને ઈર્ષાવાળી થાય છે અને તેનાપર અહંકારીપણાનું અને સ્વાર્થનું કલંક લગાડે છે અને તેને ભયાનક ધૂતારો ગણી ધૂતકારી કાઢે છે.

આમ કરતાંય જો વિશ્વાસ પોતાની ટેક જાળવી પોતાનું કામ કર્યે જાય છે તો પછી દુનિયાની અદાલત તેને વધારે સખ્ત શિક્ષા કરે છે.

તેનો પ્રાણ જાય એવી પીડા આપવામાં આવે છે અને આખરે વિશ્વાસી વીરને અગ્નિમાં કે શૂળીપર પોતાનો પ્રાણ આપવા પડે છે.

આવી રીતે હાંસી અને તિરસ્કાર, ક્રોધ અને ધિક્કાર, નિંદા અને બદબોઈ, જુલમ અને કષ્ટ, ત્રાસ અને મૃત્યુ એ સહુ જે લોકો દુષ્ટ દુનિયામાં સ્વતંત્રતાથી અને વિશ્વાસથી રહેવા માગે છે તેને બદલારૂપે મળશેજ.

અવતાર રૂપે પૂજન.

વળી એવાય કેટલાક છે કે જે ભોળ-પણથી અને અજ્ઞાનથી ઉલટે રસ્તે જાય છે.

તેઓ વિશ્વાસ પ્રભુનો છે એવું જાણી તેને પગે પડી તેનું પૂજન કરે છે.

તેઓ તેને દેવતુલ્ય ગણેછે, તેનામાં સર્વ જાતની અલૌકિક શકિત છે એવું સમજે છે અને તેને પ્રભુનો અવતાર જાણી તેની ભકિત કરે છે.

પણ વિશ્વાસને દુઃખ દેવું કે તેની દેવ-તુલ્ય ગણના કરવી એ બન્ને વસ્તુઓ વાસ્ત-વિક રીતે તો એકજ છે અને એકજ અજ્ઞાનતા બતાવે છે.

માણુસ તેને શુળીએ ચડાવે કે અવતાર માને પણ તે બન્ને કાર્યથી તેઓ એટલું તો સિદ્ધ કરે છે કે વિશ્વાસમાં દેવતાઇ શકિત છે અને તે સમજવાને તેઓ અશકત છે.

એક સામે થઇને આ સત્યની સાક્ષી આપે છે અને બીજું તેનો પક્ષ લઈને આપેછે.

એક વિશ્વાસને ધિક્કારી ભગાડી મુકે છે અને તે રીતે તે આ દુનિયાનો નથી એવું સિદ્ધ કરે છે અને બીજું તેને આકાશે ચડાવે છે અને તે રીતે સિદ્ધ કરે છે કે તે દેવતાઇ છે.

ઉત્થાન.

વિશ્વાસ નજર આગળ હોય છે ત્યારે દુનિયા તેને પારખી શકતી નથી.

અને તે બરાબર દેખાય તેને માટે અમુક અંતરની જરૂર રહે છે.

આ કારણુથીજ પેગમ્બરો અને ભકતો પોતાના દેશમાં તિરસ્કાર પામે છે અને અન્ય દેશોમાં કીર્તિ પામે છે અને તેમની જન્મ ભુમિ તેમનો અસ્વિકાર કરે છે, ત્યારે દૂરની પ્રજાઓ તેમને પોતાના ગણી કૃતજ્ઞતાપૂર્વક તેમનો સ્વિકાર કરે છે.

અથવા તો દુનિયાને તેની દૃષ્ટિ સુધારવા માટે ચશ્માની જરૂર પડે છે અને આ માત્ર મૃત્યુથીજ મળે છે.

કારણકે મૃત્યુરૂપી ચશ્માથી વિશ્વાસ તેના સાચા સ્વરૂપમાં જોવાય છે અને સારી રીતે સમજાય છે.

મૃત્યુ પછીજ અણગમાથી કે ઇર્ષાથી કે અજ્ઞાનતાથી વાંકી થયેલી દૃષ્ટિ સુધરે છે.

આને લીધેજ એવું બને છે કે જે કોઇ પેગંબર આ દુનિયામાંથી અપમાન લઇને જાય છે તેને તેના મૃત્યુ પછી મોટું માન મળે છે.

આ કારણથી વિશ્વાસ જીવન કરતાં ઉત્થાનમાં વધારે પ્રકાશે છે.